# સમાનુભૂતિ

## ૨૪ જૂન, ૨૦૨૨

### અમી બંસલ અને ગરિમા બોરવણકર દ્વારા લિખિત વ્યાખ્યા

### ભાગ ૩

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા ૨૪ જૂન, ૨૦૨૨ના રોજ પ્રદાન કરવામાં આવેલા સદ્ગુણ, સમાનુભૂતિ પર વ્યાખ્યા લખવાનું અદ્ભુત કાર્ય કરતાં-કરતાં, અમે એ સમજવા લાગ્યા છીએ કે જો અમે આ સદ્ગુણનું અન્વેષણ કરતા રહીશું તો જેવી રીતે સમાનુભૂતિનો સકારાત્મક પ્રભાવ અક્ષય છે, તેવી જ રીતે તેની સમજની ગહનતા પણ અનંત છે. જેમજેમ અમે વધારે શીખતા જઈએ છીએ અને વધારે ખોજ કરતા જઈએ છીએ, તેમતેમ અમે જોઈ રહ્યાં છીએ કે આ સદ્ગુણના અમારા અન્વેષણથી પ્રાપ્ત સમજ સાથે કાર્ય કરવા માટે અવસરો પણ ઘણા બધા છે.

આ વ્યાખ્યાના ભાગ ૧ અને ૨માં, આપણે શીખ્યા કે સમાનુભૂતિનો આધાર, એ જ્ઞાન છે કે આ જગતનાં બધાં જડ-ચેતન પ્રાણીઓમાં એક જ આત્મા નિવાસ કરે છે. આપણે આપણી અને અન્ય લોકો, પ્રાણીઓ અને આસપાસની વસ્તુઓ વચ્ચે ઐક્યને જેટલું વધારે જોઈ શકીશું, એટલું જ વધારે આપણે સમજી શકીશું કે આ સમગ્ર વિશ્વ એકબીજા સાથે જોડાયેલું હોવાનો શું અર્થ છે. આપણે એના પર ચિંતન-મનન પણ કર્યું કે સમાનુભૂતિ અંતરમાંથી ઉદ્ભવે તે માટે મનના સંતુલનનો વિકાસ કરવો અને સમસ્થિતિની રચના કરવી આવશ્યક છે.

જેમજેમ આપણે અધ્યયન કરતાં જઈશું કે સમાનુભૂતિ શું છે, તેમતેમ આપણે જોઈ શકીશું કે કેવી રીતે આ સદ્ગુણનું દરેક પાસું બીજા પાસાં પર આધારિત છે અને કેવી રીતે આ બધાં પાસાંઓ ભેગાં મળીને આપણને આ સદ્ગુણ વિશે વધુ વિસ્તૃત અને પૂર્ણ સમજ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. અમારા માટે, અમી અને ગરિમા માટે, ખોજની આ અનવરત પ્રક્રિયા સ્મરણ કરાવે છે કે આ તો ભારતમાં કોઈ મંદિરમાં જવા જેવું છે. જ્યારે તમે ભગવાનનાં દર્શન કરવા માટે સૌ પ્રથમ મંદિરમાં પ્રવેશ કરો છો, ત્યારે તમને તેમના સ્વરૂપનો માત્ર એક ભાગ દેખાય છે—તેમનો એક હાથ કે તેમનાં ચરણ, અથવા કદાચ તેમના મુખમંડળની એક ઝલક. માત્ર આટલું જ પર્યાપ્ત છે, તમારા હૃદયને ભક્તિથી અને ભગવાનના સંપૂર્ણ સ્વરૂપને જોવાની લલકથી ભરી દેવા માટે. જેમજેમ તમે ગર્ભગૃહની વધારે નજીક જાઓ છો, તેમતેમ તમારી લલક વધતી જાય છે અને અંતતઃ એ ક્ષણ આવી જાય છે જ્યારે તમે ભગવાનના સંપૂર્ણ કે પ્રત્યક્ષ સ્વરૂપની સામે ઉપસ્થિત હોવ છો. આ ક્ષણમાં શું થાય છે? દર્શન—

અંતરમાં દિવ્યતાનો બોધ. ભગવાનના પ્રકાશમાં પૂર્ણ તન્મયતા તમને ચુંબકની જેમ તમારા અંતરમાં એ મૌન તરફ લઈ જાય છે જે એટલું મધુર, એટલું ઉત્કૃષ્ટ હોય છે કે તમે બસ તેની સાથે રહેવા માગો છો.

તેવી જ રીતે, જ્યારે આપણે સમાનુભૂતિના દરેક પાસાને અનાવરિત કરીએ છીએ અને તેના વિશે શીખીએ છીએ, જ્યારે આપણે તેના બધા જ સૂક્ષ્મ અર્થોનું અધ્યયન કરવા અને તેને સમજવા માટે પ્રયત્નો કરીએ છીએ, ત્યારે આપણે આ સદ્‌ગુણના પૂર્ણ વૈભવની અનુભૂતિની વધુને વધુ નજીક આવીએ છીએ.

***

આવો હવે આપણે સમાનુભૂતિના ચોથા પાસા પર નજર કરીએ જેનો ઉલ્લેખ ભાગ ૧માં કરવામાં આવ્યો હતો.

**સમાનુભૂતિ છે, સમતાનો બોધ જે ગહન સંવેદના કે સહાનુભૂતિ, કરુણા અને સમજના ભાવને જગાવે છે.**

તમે ભાગ ૧માં શીખ્યા કે અંગ્રેજી ભાષામાં સમાનુભૂતિનું સૌથી નજીકનું ભાષાંતર છે, "empathy" (એમ્પથી) અર્થાત્ 'સંવેદના' કે 'સહાનુભૂતિ'. વ્યાખ્યાના આ ભાગમાં આપણે વધારે ગહનતાથી ખોજ કરીશું કે વાસ્તવમાં સંવેદના એટલે કે સહાનુભૂતિ શું છે, તે ક્યાંથી ઉદિત થાય છે અને તેને વ્યવહારમાં ઉતારીએ તો તેનું સ્વરૂપ કેવું હોય છે. (આ સમજવા માટે, આપણે આ વાક્યના પહેલા ભાગ વિશે એટલે કે સમાનુભૂતિ અને ગહન સંવેદના કે સહાનુભૂતિ સાથે તેના સંબંધ વિશે આપણી સમજને વધારે પરિષ્કૃત કરીશું; તથા ભાગ ૪માં આપણે કરુણા અને સમજને વધારે બારીકીથી જોઈશું.)

જ્યારે અમે બંને, આ વ્યાખ્યાની લેખિકાઓ, સમાનુભૂતિ સાથે જોડાયેલી "ગહન સંવેદના" વિશે વિચાર કરીએ છીએ, તો અમને એક પ્રસંગ યાદ આવે છે જેના વિશે એકવાર એક પ્રૌઢ મહિલા સિદ્ધયોગીએ અમને કહ્યું હતું. ઘણાં વર્ષો પહેલાં, ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં, જ્યારે બાબાજી દર્શન આપી રહ્યા હતા, ત્યારે આ વૃદ્ધા ગુરુદેવ સિદ્ધપીઠના ગુરુચોકમાં બેઠી હતી. દર્શનની લાઈનમાં એક મહિલા હતી જે નજીકના ગામમાં રહેતી હતી. જ્યારે આ મહિલા બાબાજીની સામે પહોંચી, તો તે ધીમેથી રડવા લાગી. બાબાજીએ તેને મૃદુલતાથી પૂછ્યું કે શું થયું. તેણે કહ્યું કે હાલમાં તેનો એકનો એક દીકરો મૃત્યુ પામ્યો હતો. આ મહિલા રડતા-રડતા આખી વાત કહી રહી હતી; તેનાં દુઃખને શબ્દોમાં વ્યક્ત કરી શકાય એમ નહોતું, પણ એ તેના હાવભાવમાં, તેના આખા અસ્તિત્વમાં સ્પષ્ટરૂપે દેખાઈ રહ્યું હતું.

જ્યારે બાબાજી, એ મહિલાનો હાથ પોતાના હાથમાં લઈને તેની વ્યથા ધ્યાનથી સાંભળી રહ્યા હતા, ત્યારે બાબાજીના ગાલ પરથી આંસુ વહી રહ્યાં હતાં. બાબાજી પૂરીરીતે તે માતાની *સાથે*, તેના દુઃખની સાથે હતા. તેમની ઉપસ્થિતિ, તેમનો પ્રેમ એ શોકાતુર મહિલાને સાંત્વના આપી રહ્યો હતો અને તેના ઘા પર મલમ લગાવી રહ્યો હતો. જે લોકો દર્શન વખતે ઉપસ્થિત હતાં, તેઓ આ જોઈને ખૂબ જ દ્રવિત થઈ ગયાં.

***

મોટાભાગના બીજા સદ્‌ગુણોની જેમ, સંવેદના કે સહાનુભૂતિને બહારથી પ્રાપ્ત કરી શકાતી નથી. તે આપણો અંતર્જાત સ્વભાવ છે. પરંતુ આ સદ્‌ગુણને આપણી અંદર શોધવાનો પ્રયત્ન કેટલીકવાર બહુ મુશ્કેલ અને ભયજનક લાગી શકે છે.

આપણે આપણાં શ્રીગુરુઓ પાસેથી શીખ્યાં છીએ કે જેમજેમ આપણે આપણી સાધનામાં પ્રગતિ કરીએ છીએ અને એ વિશે જાગરૂક થતા જઈએ છીએ કે આપણે કોણ છીએ અને શું છીએ, તેમતેમ આપણો સામનો સદ્‌ગુણોની તિજોરી અને દુર્ગણોની તિજોરી, બંને સાથે થાય છે. કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં આપણે આમાંની કોઈ એક તિજોરી તરફ આકર્ષિત થઈ શકીએ, અને જો આપણે સજગ ન હોઈએ તો આપણી મનોદશા—આપણો દષ્ટિકોણ—પરિસ્થિતિ પ્રમાણે બદલાતી રહેશે. *આજે કઈ તિજોરી સાથે મારો ભેટો થશે?* સાધનામાં આ પ્રશ્ન વારંવાર ઊઠતો રહે છે અને એટલા માટે એ જરૂરી છે કે આપણે લગાતાર સામંજસ્ય રાખીએ તેમજ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી તેને વ્યવસ્થિત અને પુનઃ વ્યવસ્થિત કરતા રહીએ જેથી આપણે એ સુનિશ્ચિત કરી શકીએ કે ભલે આપણો સામનો કોઈપણ તિજોરી સાથે થાય, આપણે આપણા અંતરમાં સૂક્ષ્મ સંતુલન બનાવી રાખીશું.

એ યાદ રાખવું જરૂરી છે કે આપણી પાસે હંમેશાં પસંદગી કરવાનો અવસર હોય છે. જ્યારે આપણો સામનો દુર્ગુણોની તિજોરી સાથે થાય, ત્યારે આપણે પસંદગી કરી શકીએ છીએ કે એ તિજોરીને ખોલવી કે નહીં. આપણે પસંદગી કરી શકીએ છીએ કે આપણે આપણા દુર્ગુણોમાં લિપ્ત થવું કે નહીં, તેને આપણા પર હાવી થવા દેવા કે નહીં, માત્ર ગુસ્સા કે ભય કે અહંકારના સ્થાનથી પ્રત્યુત્તર આપીએ કે નહીં.

આપણે દુર્ગુણોના ફંદાથી બચવા અને તેનાથી દૂર જવા માટે તાકાત અને સૂઝબૂઝનો વિકાસ કરી શકીએ છીએ. આ રીતે જ્યારે આપણે આપણી દિશા બદલી લઈએ છીએ અને તેનાથી દૂર જઈએ છીએ, ત્યારે આપણે 'લેઝિ સુઝન' પરથી નીચે ઊતરી જઈએ છીએ ('લેઝી સુઝન' જમવાના ટેબલની વચ્ચે ફરતી ગોળાકાર તકતી છે, જેને ગોળ ફેરવી શકાય છે જેથી ટેબલ પર બેઠેલાં બધાં લોકો સુધી ખાવાનું પહોંચી શકે.) બીજા શબ્દોમાં કહીએ તો આપણે એ તકતી પરથી ઊતરી જઈએ છીએ જે આપણી અંદર હંમેશાં ફરતી રહે છે, અને આપણને વારંવાર આપણી દુર્ગુણોની તિજોરીની સામે લઈ આવે છે.

આપણે એ પણ નક્કી કરી શકીએ છીએ કે દુર્ગુણો સાથે આટલું બધું તાદાત્મ્ય ન રાખીએ—અનાદર, હતાશા, વિરોધના ભાવ સાથે જોડાઈને એવું ન વિચારીએ : *ખેર, હું આ છું. હું તો આવો જ છું. હું બસ એક ગુસ્સાવાળી વ્યક્તિ છું.* આવી ક્ષણોમાં આપણી પસંદગીનો સીધો સંબંધ એ વાત સાથે છે કે આપણે આપણી સાધના દ્વારા કેવી રીતે આપણા મન અને આપણા હૃદયને અનુશાસિત કરવા માટે સ્વપ્રયત્નો કર્યા છે.

સદ્‌ગુણોની તિજોરી સાથે પણ આવું જ છે. હવે, તમે કદાચ વિચારી રહ્યાં હશો : *શું સદ્‌ગુણોની તિજોરી ખોલવી એ વધારે લાભદાયી નથી? શું મારે સદ્‌ગુણોને અપનાવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ?* બિલકુલ, આપણે આપણા શ્રીગુરુઓ પાસેથી આપણા અંતર્નિહિત સદ્‌ગુણોને પોષિત કરવાનું શીખીએ છીએ કારણકે તે આપણી સાધનાને સશક્ત કરે છે અને આપણને સાધનામાં આગળ વધારે છે તથા વધારે સારા માનવ બનવામાં આપણી મદદ કરે છે. પરંતુ આપણે સચેત રહેવાની જરૂર છે કે એ સદ્‌ગુણો સાથે આસક્ત ન થઈ જઈએ. જેમ આપણે આપણું

તાદાત્મ્ય દુર્ગુણો સાથે રાખી શકીએ છીએ, તેમ આપણે સદ્‌ગુણો સાથે પણ તાદાત્મ્ય રાખી શકીએ છીએ. બની શકે કે આપણે એવું વિચારવા લાગીએ, *હું કેટલો દયાળુ છું. હું ખૂબ જ સંવેદનશીલ વ્યક્તિ છું. હું એક કરુણાશીલ મનુષ્ય છું.* જ્યારે આપણે સદ્‌ગુણો સાથે આ રીતે તાદાત્મ્ય રાખીએ છીએ, ત્યારે આપણે સ્વયંને સંકુચિત અહંની સીમામાં ખેંચી લઈએ છીએ. આપણે સદ્‌ગુણોનો ઉપયોગ આપણા અહંકારને પોષવા માટે કરી રહ્યાં હોઈએ છીએ, આપણા ઘમંડની વૃદ્ધિ કરવાના એક સાધન તરીકે કરી રહ્યાં હોઈએ છીએ. વાસ્તવમાં, સદ્‌ગુણો કોઈ લેબલ નથી જેને આપણે આપણી ઉપર ચોંટાડવાનું છે અથવા ઓળખાણ નથી જેના માધ્યમથી આપણે સ્વયંને ઓળખવાની છે, બલ્કે એ તો આપણાં કાર્યમાં ઉતારવા માટે છે, એ બતાવે છે કે આપણે કેવા વ્યક્તિ બનીએ. જે વ્યક્તિ સંવેદનશીલ છે, તે સંવેદનશીલ છે, તે પોતાના વ્યવહારમાં સંવેદના દર્શાવે છે. તે વ્યક્તિ બસ બેઠાં-બેઠાં બોલતી નથી રહેતી કે તે કેટલી સંવેદનશીલ છે.

તો હા, સદ્‌ગુણોની તિજોરી ખોલવી લાભદાયી છે. પણ જ્યારે આપણે એ ખોલીએ, ત્યારે આપણે સજગ, સચેત રહેવું જોઈએ કે આપણે કેવી રીતે એ સદ્‌ગુણોનું સન્માન કરીએ છીએ, કેવી રીતે તેમની સાથે જોડાયેલા રહીએ છીએ અને તેમનો કેવો ઉપયોગ કરીએ છીએ. એટલા માટે *સંતુલન* જરૂરી છે, એટલા માટે જ આપણા આત્મામાં કેન્દ્રિત રહેવું આવશ્યક છે, એટલા માટે આપણે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે આપણે જેને *સારું* કે *ખરાબ* માનીએ છીએ, તેના લીધે માર્ગથી વિચલિત ન થઈ જઈએ. તેના બદલે, જ્યારે પણ આપણો સામનો દુર્ગુણો અને સદ્‌ગુણોની તિજોરી સાથે થાય ત્યારે આપણે સમજ અને વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી શકીએ છીએ. જેમજેમ આપણે એ સમજવા લાગીએ કે દુર્ગુણોનો ઉપયોગ બીજાં લોકોની વિરુદ્ધ ન કરવો જોઈએ, તેમતેમ આપણે ધીરેધીરે એ દુર્ગુણોને જડમૂળથી ઉખાડી શકીએ છીએ. અને આપણે સદ્‌ગુણોનો વિકાસ વિશેષતઃ એટલા માટે કરીએ છીએ જેથી આપણે તેનો ઉપયોગ બીજાં લોકોને સહાય કરવા માટે કરી શકીએ.

***

સિદ્ધયોગ પથ પર આપણા અધ્યયન અને અભ્યાસ દ્વારા, આપણને બૌદ્ધિક અને આંતરિક, બંને સ્તર પર એ સમજ પ્રાપ્ત થાય છે કે સહાનુભૂતિ આપણામાં કેટલી સ્વાભાવિક છે. એ જોવું ઉપયોગી અને રસપ્રદ બની શકે કે કેવી રીતે આખા સંસારમાં પણ આ જ્ઞાનની પુષ્ટિ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, આપણે વિજ્ઞાન અને ઇતિહાસને જોઈ શકીએ છીએ.

વૈજ્ઞાનિકોએ શોધ્યું છે કે એકબીજાને મહસૂસ કરવાની આપણી ક્ષમતાનો સંબંધ મગજના ચેતાતંત્રની પ્રતિક્રિયા સાથે છે. એવા ઘણા બધા પુરાવા મળી રહ્યા છે કે આ સંબંધ માનવ રૂપમાં આપણી ઉત્ક્રાંતિના ઇતિહાસનો એક ભાગ છે, અને તેનું અસ્તિત્વ કોઈક રૂપે બીજાં ઘણાં બધાં પ્રાણીઓમાં પણ છે. સંવેદનાનો વિકાસ ઘણી બધી પ્રજાતિનું અસ્તિત્વ ટકાવી રાખવા સાથે જોડાયેલો છે, કારણકે તે માતાપિતાને પોતાના સંતાનોની જરૂરિયાતો પ્રત્યે જાગરૂક રહેવા માટે પ્રોત્સાહિત કરે છે.

સામૂહિક સ્તરે, સમાનુભૂતિ દર્શાવવાથી માનવજાતિને સ્પષ્ટરૂપે ફાયદો થાય છે. પ્રાગૈતિહાસિક કાળથી, માનવોએ એ સમજી લીધું છે કે એકસાથે રહેવામાં, એકબીજાનું ધ્યાન રાખવામાં અને મદદ કરવામાં સુરક્ષા અને સલામતી છે. ચોક્કસપણે, આ સમજને કારણે સૌથી પહેલાં, આદિમાનવ સમાજની રચના થઈ જેમાં લોકો સાથે મળીને શિકાર કરતાં, સાથે મળીને ખાવાનું ભેગું કરતાં અને સાથે મળીને રહેવાનું સ્થાન બનાવતાં. આપણો વર્તમાન સમાજ, ખૂબ જ વિકસિત થઈ ગયો છે અને બદલાઈ ગયો છે તેમ છતાં, તેનો ઉદ્‌ભવ આ જ આદર્શથી થયો છે કે જીવિત રહેવા માટે અને અંતતઃ ફૂલવા-ફાલવા માટે એકબીજાને સહયોગ કરવો આવશ્યક છે. જ્યારે આપણે એકબીજા પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ, ત્યારે આનાથી આપણને આપણા અનેક સમૂહો અને સમુદાયોમાં, આપણા પરિવાર અને મિત્રમંડળમાં તથા આપણા વિસ્તૃત સમાજમાં એકબીજાને સહયોગ કરવામાં અને પરસ્પર સામંજસ્ય વધારવામાં મદદ મળે છે.

તદુપરાંત, આમાંથી અનેક સમૂહોની સંરચના જે પ્રકારે કરવામાં આવી છે તે સામૂહિક સ્તર પર સમાનુભૂતિનો વિકાસ કરવા અને એકબીજાં પ્રત્યે તેને વ્યક્ત કરવામાં સૈદ્ધાંતિક રૂપે ઉપયુક્ત છે, ભલે આપણે તેને એક વ્યક્તિગત કુટુંબના રૂપે જોઈએ કે આખા સમાજના રૂપે. આ સમૂહોમાં વિશિષ્ટરીતે કોઈ એક પ્રકારનો ક્રમ હોય છે, એક પ્રકારની વ્યવસ્થા હોય છે, જેમાં ક્રમ અથવા લોકોએ ધારણ કરેલા સ્થાન મુજબ હોદ્દો હોય છે. જુદાજુદા સ્તરે જૂથની માતાઓ અને જૂથના પિતાઓ અને આગેવાનો હોય છે. જ્યારે આવી સંરચનાનો સ્વીકાર અને સન્માન કરવામાં આવે છે, અને જે લોકોને અધિકારની ભૂમિકા આપવામાં આવી છે તેઓ તેનો દુરુપયોગ નથી કરતાં, ત્યારે એ સમૂહ વધારે સહજતા અને દક્ષતાપૂર્વક કાર્ય કરે છે.

તેથી, સન્માન ઘણીવાર આવી સંરચનાનો મૂળભૂત ભાગ છે, કારણકે તેની સફળતા માટે એ મહત્ત્વપૂર્ણ છે. લોકો એકબીજા સાથે જે ભાષાનો ઉપયોગ કરે છે અને જે રીતે એકબીજા સાથે આચરણ કરે છે, તેમાં આપણને સન્માનનો પુરાવો જોવા મળે છે. ઉદાહરણ તરીકે, ઘણી સંસ્કૃતિઓમાં, વડીલોને (અથવા ઉંમરમાં મોટી હોય એવી કોઈપણ વ્યક્તિને) ચોક્કસ પદવી અથવા યોગ્ય વિશેષણનો ઉપયોગ કરી સંબોધિત કરવાનો રિવાજ છે. દક્ષિણ ભારતમાં બોલાતી કન્નડ ભાષામાં મોટી બહેનને અથવા પોતાના કરતાં મોટી ઉંમરની કોઈપણ સ્ત્રીને ‘અક્ક’ કહીને સંબોધિત કરવામાં આવે છે. હિન્દી ભાષામાં વડીલો માટે અને ઔપચારિક રૂપે સંબોધિત કરવા માટે સન્માનજનક સંબોધન ‘જી’નો પ્રયોગ કરવામાં આવે છે; જે જાપાની ભાષામાં *‘સાન’ (san)* જેવું છે. ફ્રેંચ અને સ્પેનિશમાં, ઔપચારિક સર્વનામનો (ફ્રેંચમાં ‘વૂ’ *(vous)* અને સ્પેનિશમાં ‘ઉસ્ટેડ’ *(usted)*) પ્રયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે કોઈ એવી વ્યક્તિને સંબોધિત કરવામાં આવે જે વિશેષ સન્માનની અધિકારી હોય, ક્યાં તો તેમના સામાજિક કે વ્યાવસાયિક પદને કારણે, અથવા ફક્ત એટલા માટે કારણકે તે કોઈ એવી વ્યક્તિ છે જેની સાથે વાત કરનારની ઓળખાણ અથવા સંબંધ નથી.

બીજું ઉદાહરણ છે એક શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધનું સ્વરૂપ. અહીં પણ સન્માન અપેક્ષિત છે—અને હકીકતમાં, શીખવાની પ્રક્રિયા થાય તેના માટે એ આવશ્યક છે. વિદ્યાર્થીએ શિક્ષકના જ્ઞાન અને અધિકારનું સન્માન કરવું જ જોઈએ. અને શિક્ષકે વિદ્યાર્થીનું સન્માન કરવું જોઈએ—તેની વિશિષ્ટ ક્ષમતાઓનું, તેની પૃષ્ઠભૂમિનું જેના આધારે એ શીખી રહ્યો છે, તેની ગ્રહણશીલતાનું અને તેની વિકાસશીલ સમજનું. ખાસ કરીને, માર્શલ આર્ટસમાં,

સેન્સાઈ એટલે કે શિક્ષક સ્પષ્ટપણે વિદ્યાર્થીને શીખવે છે કે કેવી રીતે તેમણે પોતાના શિક્ષક અને એકબીજા પ્રત્યે સન્માન વ્યક્ત કરવું જોઈએ. અને વિશ્વભરમાં ઉચ્ચ શિક્ષણની વિવિધ સંસ્થાઓમાં, જ્યારે વિદ્યાર્થીઓ પ્રવેશ લે ત્યારે ઘણીવાર જીવનના નૈતિક મૂલ્યના રૂપે, એક આદર્શના રૂપે સન્માન કરવાનું શીખવવામાં આવે છે. સન્માનની સંકલ્પનાએ આમાંના થોડા વિશ્વવિદ્યાલયના સૂત્રો અને સિદ્ધાંતોમાં સ્થાન બનાવી લીધું છે. ઉદાહરણ તરીકે, રાજધાની હોનોલુલુની નજીક આવેલું માનોઆ સ્થિત હવાઈ વિશ્વવિદ્યાલય, વિદ્યાર્થીઓનું સ્વાગત આ અભિવાદન સાથે કરે છે : ‘વેલિના માનોઆ’ *(Welina Mānoa)*, જેનો શાબ્દિક અર્થ છે, ‘‘માનોઆમાં આપનું સ્વાગત છે.’’ પરંતુ, આ વિદ્યાલય તેનો વિસ્તૃત અર્થ જણાવે છે, જે આ પ્રમાણે છે : *‘‘માનોઆ એ જ રીતે આપણું અભિવાદન કરે છે જે રીતે આપણે માનોઆનું અભિવાદન કરીએ છીએ.’’* આ વિદ્યાલય તેના વિદ્યાર્થીઓને નિવેદન કરે છે કે તેઓ પ્રકૃતિ સાથે, ખાસ કરીને આ ભૂમિ સાથે સામંજસ્યમાં રહે અને પરસ્પર સન્માનના આ દૃષ્ટિકોણને અપનાવે.

જે વિદ્યાર્થીઓ સન્માનનું મૂલ્ય શીખી લે છે તેમને એક તાવીજ, એક દૃઢ કેન્દ્રણ, એક નક્કર આધાર મળી જાય છે જેનાથી શાળાનું શિક્ષણ પૂરું થયા પછી પણ લાંબા સમય સુધી તેમને મદદ મળતી રહે છે. તેઓ એ સૂત્રો અને સિદ્ધાંતોને યાદ રાખે છે અને જ્યારે તેઓ એવી પરિસ્થિતિમાં હોય જેમાં બસ થોડા વધારે સન્માનથી વર્તે તો એ પરિસ્થિતિને સુધારી શકાય, ત્યારે બની શકે કે એ શબ્દો તેમના માટે ફરી એકવાર જીવંત થઈ જાય. આ લોકો માટે સન્માન એક માર્ગદર્શક સિદ્ધાંત બની જાય છે, એક એવો સિદ્ધાંત જેના પર તેઓ વિશ્વાસ કરી શકે; એટલું જ નહીં જે લોકો પોતાને ‘આસ્તિક’ ન માનતા હોય તેઓ પણ આ સિદ્ધાંતનો આશ્રય લઈને તેના સમર્થનમાં ઊભા રહી શકે છે.

એ દુર્ભાગ્યપૂર્ણ વાત છે કે આ વિશ્વમાં ઘણીવાર એવું થાય છે કે જે સંરચનાઓ વિવિધ પ્રકારના સમૂહોનું વર્ગીકરણ અને સંચાલન કરે છે, તેનો દુરુપયોગ કરવામાં આવે છે, તેમાં ફેરફાર કરવામાં આવે છે અને સત્તાધિકારીઓની મરજી મુજબ તેને બદલી નાખવામાં આવે છે. વાત એ છે કે જો આ સંરચનાઓનો મૂળ અને તથાકથિત ઉદ્દેશ્ય પરિપૂર્ણ થાય—જે છે, સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કરવું અને તેને જાળવી રાખવી—તો તેનાથી સ્વાભાવિક રીતે સન્માનની સંસ્કૃતિને પ્રોત્સાહન મળે છે. જ્યારે લોકો એકબીજા માટે સન્માનની આધાર રેખા જાળવી રાખે છે, એ સમજે છે કે સામેવાળી વ્યક્તિ કોણ છે અને તેમની સાથે કેવી રીતે વ્યવહાર કરવો જોઈએ તો સામંજસ્ય સ્થાપિત થઈ શકે છે. અને જ્યાં સામંજસ્યનું શાસન હોય છે, ત્યાં સમાનુભૂતિનો સદ્‌ગુણ વિકાસ પામે છે.

જ્યારે લોકોને બીજાની તુલનામાં પોતાની સ્થિતિને સતત માપવાની અને તેનો બચાવ કરવાની જરૂર નથી લાગતી, ત્યારે તેઓ જોઈ શકે છે કે બીજાં લોકો કોણ છે અને બીજાં લોકો પણ તેને વાસ્તવમાં જોઈ શકે છે. પછી દરેક વ્યક્તિ પોતાની વિશિષ્ટ રીતે, સમૂહમાં તેની વિશિષ્ટ સ્થિતિ કે પદ અનુસાર, પોતાના જીવનના વિશિષ્ટ અનુભવ અને ક્ષમતાઓ અનુસાર પોતાની સંવેદના દર્શાવી શકે છે. માતાપિતા બાળક માટે જે સંવેદના દર્શાવે છે તે એ સંવેદના કરતાં અલગ હશે જે બાળક માતાપિતા પ્રત્યે દર્શાવે છે. શિક્ષક પોતાના વિદ્યાર્થી માટે જે સંવેદના દર્શાવે છે તે એ સંવેદના કરતાં અલગ હશે જે વિદ્યાર્થી તેના સહ-વિદ્યાર્થી પ્રત્યે દર્શાવે છે. વાસ્તવમાં, જ્યારે આ વિભિન્ન સ્તરો વચ્ચે સંવેદના વ્યક્ત કરવામાં આવે છે, જ્યારે આ સંસારની વિભિન્નતાઓ અને વિવિધતાઓમાં વ્યાપ્ત

ઐક્યનો અનુભવ કરવામાં આવે છે, ત્યારે તેનું સામર્થ્ય અનુપમ હોય છે. અમને, અમી અને ગરિમાને, બાબા મુક્તાનંદનો એક પ્રસંગ યાદ આવી ગયો જેમાં બાબાજી એ મહિલાને દર્શન *આપી રહ્યા હતા* જેણે પોતાનો દીકરો ગુમાવ્યો હતો અને બાબાજીના ગાલ પરથી આંસુઓ વહી રહ્યાં હતાં. તેઓ શ્રીગુરુ હતા, સદ્ગુરુ, જગદ્ગુરુ હતા, જેઓ પ્રત્યક્ષ રૂપે આ દુઃખી માતાના શોકમાં સહભાગી થઈ રહ્યા હતા. તદુપરાંત, અમે સમજીએ છીએ કે શ્રીગુરુનાં આંસુઓ એક અવિનાશી લોકમાંથી નીકળતા હોય છે, ભાવસંવેગના સ્થાનમાંથી નહીં, તેથી એ આંસુઓમાં અનેક જન્મોનાં કર્મોને ધોઈ નાખવાની શક્તિ હોય છે—આ પ્રસંગમાં, માતા અને તેના પુત્ર બંનેનાં કર્મોને.

આ વ્યાખ્યાના ભાગ ૩નું સમાપન કરતી વખતે, અમે ઇચ્છીએ છીએ કે તમે શ્રીગુરુમાઈના આ શબ્દો સાથે રહો :

*જ્યારે આપણે બ્રહ્માંડ સાથે સામંજસ્યમાં હોઈએ છીએ ત્યારે—*

*શ્વાસપ્રશ્વાસ સહજ થઈ જાય છે,*

*જીવન લાલિત્યપૂર્ણ થઈ જાય છે*

*અને દરેકનો વિકાસ થાય છે.*

*ક્રમશઃ...*

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.